# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-04-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) **સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો પ્રચાર પૂરજોશમાં- અમદાવાદમાં ભાજપ-કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો જાહેર.**

2) **રાજ્ય ચૂંટણી કમિશનર એસ. મુરલીક્રિષ્નાએ જિલ્લા કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનર સાથે વર્ચ્યુઅલી બેઠક યોજી.**

3) **સુરતમાંથી બે હજાર કિલો બનાવટી ઘી ઝડપાયું.**

4) **આકાશવાણી અમદાવાદ કેન્દ્રનો 77મો સ્થાપના દિવસ ગૌરવભેર ઉજવાયો.**

5) **વડોદરાના શિક્ષકનો સાઇકલિંગ ક્ષેત્રે વિક્રમ- ત્રીજી વાર ઈન્ડિયા બુક ઑફ રેકોર્ડ્સમાં નામ નોંધાવ્યું.**

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# ELECTION CAMPAIGN

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો પ્રચાર પૂરજોશમાં થઈ રહ્યો છે. ભાજપ, કોંગ્રેસ સહિતના પક્ષો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે કચ્છ જિલ્લામાં પ્રચાર કર્યો. શ્રી પટેલે આજે અબડાસાના દયાપર ખાતે વિજય સંકલ્પ સભા સંબોધી. ચૂંટણીને પગલે ભાજપે આજે અમદાવાદ અને સુરતમાં ઘોષણા પત્ર જાહેર કર્યું છે જેમાં AI આધારિત ટ્રાફિક સિગ્નલ, આરોગ્ય સેવા, આવાસ નિર્માણ સહિત વિવિધ વિકાસ પરિયોજનાની ખાતરી આપવામાં આવી. અમદાવાદમાં ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યા બાદ ભાજપના નેતા અને મંત્રી ઋષિકેશ પટેલે પ્રતિક્રિયા આપી હતી.

(BYTE : RUSHIKESH PATEL)

બીજી તરફ કોંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિતના પક્ષો પ્રચાર કરી રહ્યા છે, કોંગ્રેસે આજે અમદાવાદ મહાનગરપાલિકા માટે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે.

ભાજપના દિગ્ગજ નેતા અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ આજે છોટા ઉદેપુર અને દાહોદમાં જાહેર સભાઓ ગજવી.

# SEC BETHAK

રાજ્ય ચૂંટણી કમિશનર એસ. મુરલીક્રિષ્ણાએ આજે તમામ જિલ્લા કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનર સાથે વર્ચ્યુઅલી બેઠક યોજી. આ બેઠકમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની કામગીરીની સમીક્ષા કરવામાં આવી.

આ ઉપરાંત બેઠકમાં મતદાન મથકો, સુરક્ષા સહિતની બાબતો અંગે પણ ચર્ચા કરવામાં આવી.

# MATDAAR JAAGRUTI ABHIYAAN-VALSAD, RAJKOT

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી છે ત્યારે રાજ્યમાં મતદાર જાગૃતિ અભિયાન પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ અભિયાનના ભાગરૂપે આજે વલસાડ જિલ્લામાં કુલ 292 શાળાઓમાં મતદાન જાગૃતિ માટે શપથવિધિ યોજાઈ હતી, જેમાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ મતદાન અંગે શપથ ગ્રહણ કર્યા હતા.

રાજકોટ જિલ્લા રમતગમત અધિકારી દ્વારા રાજકોટ શહેરના વિવિધ રમતગમત સંકુલો ખાતે રામતવીરોને મતદાન કરવા અંગે તથા અન્યોને મતદાન અંગે જાગૃત કરવાના શપથ લેવડાવવામાં આવ્યા.

# VAV-THARAD FORM

વાવ-થરાદ જિલ્લામાં ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થતા ચૂંટણીનું અંતિમ ચિત્ર સ્પષ્ટ થયું છે. જિલ્લા પંચાયતની 30 બેઠકો પર કુલ 75 ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં છે. જેમાં ભારતીય જનતા પાર્ટીએ તમામ 30 બેઠકો પર પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા છે, જેની સામે કોંગ્રેસના 29 અને આમ આદમી પાર્ટીના 12 ઉમેદવારો હરિફાઈમાં છે. આ ઉપરાંત 4 અપક્ષ ઉમેદવારો પણ જિલ્લા પંચાયતની બેઠકો પર પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. વાવ બેઠક પર સૌથી વધુ 4 ઉમેદવારો વચ્ચે મુકાબલો થશે, જ્યારે અનેક બેઠકો પર ત્રિપાંખિયો જંગ જોવા મળી રહ્યો છે.

# RAJKOT EVM

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી માટે ઈ.વી.એમ.ની ફાળવણી કરાઈ છે. મહાનગરપાલિકાના ચૂંટણી શાખાના સ્ટ્રોંગ રૂમમાંથી ઈ.વી.એમ. રીસીવિંગ-ડિસ્પેચિંગ સેન્ટરમાં મોકલવામાં આવ્યા. ચૂંટણી શાખા તરફથી મળતી માહિતી મુજબ, રાજકોટ મહાનગરપાલિકાના 18 વોર્ડમાં કુલ એક હજાર 14 મતદાન મથકો નક્કી કરવામાં આવ્યા છે. જરૂરિયાત અને વ્યવસ્થાના ભાગરૂપે એક હજાર 340 બેલેટ યુનિટ અને એક હજાર 280 કંટ્રોલ યુનિટ ફાળવવામાં આવ્યા છે.

# SURAT NAKLI GHEE

સુરતમાંથી બે હજાર કિલો બનાવટી ઘી ઝડપાયું છે. શહેરના સચિન GIDC વિસ્તારમાં પોલીસ દરોડા પાડી 35 લાખ 81 હજાર રૂપિયાની કિંમતનું બનાવટી ઘી પકડ્યું છે. આ કાર્યવાહીમાં બે શખ્સની અટકાયત પણ કરવામાં આવી છે. આ અંગે DCP રાજદીપસિંહ નકુમે વધુ માહિતી આપી.

**(BYTE : RAJDEEP SINGH NAKUM, DCP)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

DESK

# AKASHVANI FOUNDATION DAY

"આકાશવાણી" દેશની જાહેર પ્રસારણ સેવા કે, જે દરેક ભારતીય માટે વિશેષ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. "આકાશવાણી" આ એક શબ્દ નહીં પણ દેશના કરોડો લોકોની લાગણી છે. આજના ડિજિટલ યુગમાં પણ આકાશવાણીએ વિશેષ શૈલીથી શ્રોતાઓને પોતાની સાથે જકડી રાખ્યા છે. ખાસ કરીને પ્રજ્ઞાચક્ષુ લોકો માટે તો આકાશવાણી આશીર્વાદરૂપ માધ્યમ બની ગયું છે. અમદાવાદ આકાશવાણીએ પણ પોતાના શ્રોતાઓમાં પોતાની અલગ ઓળખ બનાવી છે. ત્યારે આજે આકાશવાણી અમદાવાદ પરિસરમાં આકાશવાણી અમદાવાદ કેન્દ્રનો 77મો સ્થાપના દિવસ ગૌરવભેર ઉજવાયો. વર્ષ 1949 માં આજના દિવસે તત્કાલીન કેન્દ્રીય ગૃહ અને માહિતી પ્રસારણમંત્રી સરદાર પટેલે આ કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે શ્રી પટેલે વિશેષ સંદેશ આપ્યો હતો.

**(BYTE : SARDAR PATEL)**

સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે આકાશવાણી પરિસરમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા. આકાશવાણી અમદાવાદ કાર્યાલયના સમાચાર વિભાગના વડા ડૉક્ટર ચિરાગ ભોરણિયાએ શ્રોતાઓને શુભેચ્છાઓ પાઠવી.

**(BYTE : DR. CHIRAG BHORANIA, HEAD RNU)**

# KUTCH FOOD POISONING

કચ્છ જિલ્લાના ભુજના લોડાઈમાં 100 જેટલા લોકોને ખોરાકી ઝેર એટલે કે ફૂડ પોઇઝનિંગની ઘટના સામે આવી છે. પાણીપુરી ખાધા બાદ લોકોની તબિયત બગડી હતી. અસરગ્રસ્તોને ભુજની વિવિધ હોસ્પિટલોમાં સારવાર માટે ખસેડાયા. જ્યારે ઘટનાની તપાસ અર્થે જિલ્લા આરોગ્ય વિભાગની 2 ટિમ લોડાઇ ગામે પહોંચી છે. જ્યારે ગામના સરપંચ વાલાભાઈ આહીરે તકેદારીના ભાગરૂપે ખાણીપીણીની દુકાનો અને લારીઓ બંધ કરાવી છે.

# RTO LAANCH CASE-DAMAN

દાદરા નગર હવેલી અને દમણના આરટીઓ લાંચ કેસમાં ઇન્સ્પેક્ટરને 5 દિવસની રિમાન્ડ મંજૂર કરાયા છે. મોટર વાહન નિરીક્ષક બિપિન પવારના સિલવાસા સ્થિત નિવાસસ્થાન તેમજ અન્ય સ્થળોએ દરોડા દરમિયાન કેટલાક મહત્વના દસ્તાવેજો અને ડિજિટલ પુરાવા મળ્યાની માહિતી સામે આવી છે. આજે તેમને કોર્ટમાં રજૂ કરતાં તેમને 5 દિવસના રિમાન્ડ પર મોકલવામાં આવ્યા છે. જ્યારે ધરપકડ કરાયેલા એજન્ટને 3 દિવસની રિમાન્ડ આપવામાં આવી છે.

# ANGDAAN-AMDAAVAAD

અમદાવાદ સિવિલમાં થયેલા 234 માં અંગદાનથી સાત વ્યક્તિઓને નવજીવન મળ્યું છે.

કપડવંજના 39 વર્ષીય ખેડૂત, મનુભાઈ પરમારને અકસ્માત બાદ બ્રેઇન ડેડ જાહેર કરાતા પરિવાર દ્વારા અન્ય જરૂરિયાત વાળી વ્યક્તિઓને તેમનું  હૃદય, લીવર, બે કિડની, બન્ને આંખો અને ત્વચાનું દાન કરવાનો નિર્ણય કરી સમાજમાં માનવતાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

આ અંગો પૈકી લીવર અને બંને કિડનીને સિવિલ મેડિસિટી કેમ્પસની કિડની હોસ્પિટલમાં જ જરૂરિયાતમંદ દર્દીઓમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવશે, જ્યારે હૃદયને શહેરની સિમ્સ (CIMS) હોસ્પિટલમાં દાખલ દર્દી માટે મોકલવામાં આવ્યું છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધીમાં થયેલા 234 અંગદાન દ્વારા કુલ 774 અંગોનું દાન મળ્યું છે.

# CYCLEING RECORDS-VADODARA

વડોદરાના શિક્ષકે સાઇકલિંગમાં ઈન્ડિયા બુક ઑફ રેકોર્ડ્સમાં ત્રીજી વાર પોતાનું નામ નોંધાવ્યું છે.

57 વર્ષીય શિક્ષક સુનિલ પટેલે સતત 1230 દિવસ 50 કિમી સાઇકલિંગ કરી આ વિક્રમ સર્જ્યો છે. લોકોમાં સ્વાસ્થ્ય જાગૃતિ તથા પર્યાવરણ પ્રત્યે જાગૃતતા ફેલાવવાના ઉદેશ્યથી તેઓ રોજ સાઇકલ ચલાવીને અન્ય વાહનોનો ઉપયોગ ટાળે છે. તેઓ અત્યાર સુધીમાં કુલ 70 હજાર કિલોમીટરથી વધુનું અંતર સાઇકલ પર કાપી ચૂક્યા છે. તેમની આ લગનને કારણે તેમણે સાઇકલિંગ ક્ષેત્રે અનેક આંતરાષ્ટ્રીય સિદ્ધિઓ મેળવી છે.